નવા વિજથાંભલા નાંખવા જુની સ્ટ્રીટલાઈટો બંધ કરાતા સે. ૨૪માં અંધારપટ

નવા વિજથાંભલા નંખાય તે પહેલા જુના થાંભલાની લાઈટો બંધ થઈ જતા રહીશો મુશ્કેલીમાં : મકાનોની ગીચતા વચ્ચે ઠેરઠેર રીનોવેશન અને આડેધડ પાર્કિંગથી રાત્રે અકસ્માતનો ભય

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના અતિ ગીત વસતી ધરાવતા સેક્ટરોમાંના સેક્ટર-૨૪માં આજકાલ ટોરેન્ટ પાવર દ્વારા નવા વિજ થાંભલા નાંખવાનું કામ ચાલી રહ્યું છે. જો કે આ નવા વિજ થાંભલા નંખાઈ જાય ત્યાં સુધી જુના થાંભલાઓ પરની સ્ટ્રીટલાઈટ પણ બંધ કરી દેવાતા રાત્રે સેક્ટર-૨૪ના રહેવાસીઓ કફોડી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને ડબલડેકર મકાનોના વિસ્તારમાં અતિ ગીચતાને કારણે રાત્રે અંધકારપટ છવાઈ જવાથી કોઈ અકસ્માત કે દુર્ઘટના સર્જાઈ શકે તેવા ભયથી રહીશોમાં ચિંતાનું મોજુ ફરી વળેલ છે.

છેલ્લા કેટલાય દિવસથી સેક્ટરોમાં જુના વિજપોલ બદલીને નવા વિજપોલ નાંખવાનું કામ ટોરેન્ટ પાવર દ્વારા હાથ ધરાયું છે. હાલ સેક્ટર-૨૪ ખાતે આ કાર્ય ચાલી રહ્યું છે. જેને રહીશો દ્વારા પણ આવકારવામાં આવ્યું છે. પરંતુ ટોરેન્ટ પાવર દ્વારા જૂના વિજથાંભલા બંધ કરી દેવાતા આ વિસ્તારની તમામ સ્ટ્રીટલાઈટો બંધ થઈ જવા પામી છે. જેથી રાત્રે અહી કફોડી પરિસ્થિતિ પેદા થઈ રહી છે. એક તો પહેલેથી અતિશય દબાણોના કારણે આ વિસ્તારમાં ખૂબ જ ગીચ ગલીઓ અને ખીચોખીચ વસતી હોઈ રાત્રીના સમયે પણ ટુવ્હીલર જેવા વાહનોની સતત અવરજવર રહે છે. અધુરામાં પુરૂ હોય તેમ આ વિસ્તારમાં ઘણા મકાનોના રિનોવેશનના કામ ચાલી રહ્યા હોઈ રેતીના ઢગલા અને લોખંડના સળીયા સહિત સેન્ટિંગનો સામાન પણ રસ્તા વચ્ચે પડ્યો હોય છે. વળી, ગીચતાને કારણે રહેવાસીઓના વાહનો પણ રસ્તા પર જ પાર્ક થયેલા હોય છે. આથી રાત્રીના સમયે અકસ્માત કે દુર્ઘટના થવાની શક્યતાએ રહેવાસીઓણાં ચિંતા ઉભી કરી છે.

ઉનાળાનો સમય હોઈ લોકો મોડે સુધી હરવા-ફરવા નીકળે છે. ત્યારે ઘરે પરત ફરતા સ્ટ્રીટલાઈટ બંધ હોવાના કારણે બહેન-દીકરીઓની સુરક્ષા અંગે પણ પ્રશ્નો ઉભા થયા છે. ઉનાળામાં ઘણા રહેવાસીઓ ઘરની બહાર ખાટલા ઢાળીને સૂઈ જતા હોવાથી પણ અકસ્માતનો ભય કે ઘરમાં ચોરી-ઘરફોડ થવાની શક્યતા હોવાથી સત્વરે આ વિસ્તારમાં વૈકલ્પિક સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા થાય અથવા જ્યાં સુધી નવા વિજપોલ ના નંખાઈ જાય ત્યાં સુધી જુના થાંભલે લાઈટો ચાલુ રખાય તેવી રહેવાસીઓણાં માંગણી ઉઠવા પામી છે.



ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ તરણ સ્પર્ધા-૨૦૧૪નું સુંદર આયોજન

ગાંધીનગર ડીસ્ટ્રીક્ટની સ્વીમિંગ કમ્પીટીશન સોમવારના રોજ સચિવાલય જીમખાના સ્વીમિંગ પુલ, સેક્ટર-૨૧ ખાતે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમિંગ એસોસીએશન દ્વારા આયોજીત કરવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર ડીસ્ટ્રીક્ટના ૩૫ સ્વીમર્સોએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં વિજેતા થયેલ ખેલાડીઓ દીલપ્રિત કૌર, પ્રીતિ રાઠોડ, મોક્ષા પતી, સ્નેધાંશી પતી, રૂચીસિંગ ચૌધરી, રાજીન્દરસીંગ આનંદ, રવીન્દ્રસીંગ આનંદ, દિવ્યાંગ પાઠક, કુંદન સકસેના, મંથન ગોર, નિખીલ કુમાર, વિહાર સંજય મોદી, નિલ સોનેની, વ્યોમ શાહ, રોહિત રાજપૂત, હિમાંશુ તન્વર, માનસ, માલવ વિભાકર, પારસ માખીજા, કૃષ્ણકાન્ત યાદવ તા. ૨૨ અને ૨૩ મે, ૨૦૧૪ના રોજ રાજકોટ મુકામે યોજાનાર ૩૧મી સબ-જુનીયર અને ૪૧મી જુનીયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૧૪માં ભાગ લેશે અને ગાંધીનગર ડીસ્ટ્રીક્ટનું પ્રતિનિધિત્વ કરશે. (તસવીર : કશ્યપ નિમાવત)

સે. ૨૮, વાવોલ અને પ્રાંતિયામાં મુસ્લીમ બિરાદરો ઉર્સ મનાવશે

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં આજરોજ મુસ્લીમ બિરાદરો દ્વારા હઝરત બાલનશહીદ, હઝરત બાલાપીર અને હઝરત મહમદશા દરગાહ ખાતે સંદલ શરીફ અને ઉર્સ મુબારક શાનો શોકતથી મનાવવામાં આવશે.

ગાંધીનગર સેક્ટર-૨૮ ખાતે આવેલ હઝરત બાલન શહીદનું સંદલ શરીફ તા. ૧૩ મે રાત્રે ૮.૦૦ વાગે યોજાશે અને તા. ૧૪ના રોજ શાનો સોકતથી ઉર્સ મુબારક મનાવવામાં આવશે.

તેમજ વાવોલમાં આવેલ મહમદશા દરગાહનું સંદલ શરીફ તા. ૧૩ મે ની રાત્રે ઈશાની નમાઝ બાદ અને તા. ૧૪ મેના રોજ શાનો સોકતથી ઉર્સ મનાવવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે આવેલ હઝરત બાલાપીરનો ઉર્સ તા. ૧૪ મે ના રોજ મનાવવામાં આવશે. આ ત્રણેય જગ્યાએ મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા સેક્ટર-૨૮ના રફીકબાપુ, વાવોલના મહેબુબભાઈ શેખ અને પ્રાંતિયાના હુસેનભાઈ મનસુરીએ જણાવ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સેક્ટર-૬/૭ પાસે બપોરના સુમારે પુરઝડપે જતા છોટાહાથી વાહન નં. જીવાય૧૮-એટી-૯૪૪ એક એક્ટીવાને ટક્કર મારી ભાગી ગયો હતો. સદ્નસીબે એક્ટીવા પર બે યુવકોને મામુલી ઈજાઓ જ થઈ હતી.

શુકન સ્કાયના ચીટીંગ પ્રકરણમાં બેંક મેનેજરની આખરે ધરપકડ

અમદાવાદના આશ્રમ રોડ એસ.બી.આઈ. બેંકના ચીફ મેનેજરે વર્ષ ૨૦૧૨માં ૩૨.૫૦ કરોડની લોન પાસ કરી હતી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક કુડાસણ ખાતે શુકન સ્કાય નામની ફ્લેટની સ્કીમ બનાવ્યા બાદ તેના બિલ્ડરોએ ગ્રાહકોને ફ્લેટો વેચી માર્યા હતા અને બાદમાં આખી સ્કીમની જગ્યા ગીરો મૂકી તેના પર રૂ. ૩૨.૫૦ કરોડની લોન લઈ લેતા બિલ્ડરો સહિત ૧૦ જણા સામે ગાંધીનગર એલ.સી.બી.એ છેતરપીંડીનો ગુનો નોંધી બિલ્ડર રમેશ પટેલની ધરપકડ કરી તેને સાબરમતી જેલ મોકલી આપ્યો હતો. આજે આ છેતરપીંડી કેસમાં એલ.સી.બી. પોલીસે રૂ. ૩૨.૫૦ કરોડની લોન આપનાર અમદાવાદની એસ.બી.આઈ. શાખાના ચીફ મેનેજરની ધરપકડ કરી તેની સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર ગાંધીનગર પાસે આવેલ કુડાસણ ખાતે શુકન ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલી શુકન સ્કાય રેસીડેન્સી સ્કીમમાં બનેલા મકાનોપૈકી ૪૩૦ જેટલા મકાનોના બુકીંગ ગ્રાહકને પઝેશન પણ આપી દેવાયા અને બેંક ક્લીયરન્સથી માંડીને તમામ જરૂરી પૂરાવાઓ આપી દેવાયા હતા. બાદમાં શુકન સ્કાય ગ્રુપના ભાગીદાર રમેશ રેવા પટેલ તથા ભરત રણછોડભાઈ પટેલ દ્વારા આ સ્કીમ પર કોઈપણ રીતે અમદાવાદની આશ્રમ રોડ સ્થિત એસ.બી.આઈ. બેંકની શાખામાંથી વર્ષ ૨૦૧૨માં રૂ. ૩૨.૫૦ કરોડની લોન ઉપાડી લેવામાં આવી હતી. જે અંગે ફ્લેટના ધારકોને આ લોનની વાત ધ્યાને આવતા બિલ્ડર રમેશ પટેલ પાસે ગયા હતા. તમામને ધમકાવીને કાઢી મુકાતા શુકન સ્કાયના ફ્લેટ માલિક રશ્મીકાંત બારોટ સીટ, એલ.સી.બી., ગાંધીનગર એસ.ને ફરિયાદ કરી હતી. જેને પગલે આ પ્રકરણમાં ભાગીદાર રમેશ રેવાભાઈ પટેલ સહિત ૧૦ વ્યક્તિ સામે છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી એલ.સી.બી.એ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં આજે એલ.સી.બી. પોલીસે બિલ્ડર રમેશ પટેલને લોન આપનાર અમદાવાદ આશ્રમ રોડ એસ.બી.આઈ. શાખાના ચીફ મેનેજર નવીનકુમાર સુરેશપ્રસાદ સિંગની ધરપકડ કરી હતી અને તેની વધુ પૂછપરછ હાથ ધરી હતી. જ્યારે ચીફ મેનેજરનું કહેવું એવું છે કે જે કોઈ લોન લેવડ-દેવડ થઈ છે તે નિયમ મુજબ જ થઈ છે.

ગુજરાતમાં નવા પાવર સ્ટેશનો ઉભા કરવા પાછળ શું હોઈ શકે મોદી સાહેબના મનની માયાજાળ ?

ગુજરાતને વિજપાવર ક્ષેત્રે વધુ પગભર બનાવી અછતવાળા રાજ્યોને વિજળી રાહતદરે વેચી શકાય : નવા પાવર સ્ટેશનો બનવાથી નોકરીની તકો અને રાજ્યના કર્મચારીઓને પ્રમોશન કે બદલીની જગ્યા મળી રહે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત સરકારની વિજ કંપની જી.એસ.ઈ.સી.એલ.માં છેલ્લા ત્રણેક વર્ષથી ચાલુ વિજપાવર સ્ટેશનમાં વિજપાવરનું જનરેશન ઓછું કરી દેવામાં આવ્યું છે. ઘણા સમયથી કેટલાય પાવર સ્ટેશનો ક્યાં તો ચલાવવામાં જ નથી આવતા અથવા તો તેમાં ઓછું વિજપાવર જનરેશન થાય તે રીતે ચલાવવામાં આવે છે. ક્યારેક અમુક પાવર સ્ટેશનો કાયમ માટે બંધ કરવામાં આવશે તેવી વાતો વહેતી થાય છે તો બીજી બાજુ નવા પાવર સ્ટેશનો ઉભા કરવાની વાતો મળે છે. આ બધામાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના મનમાં ખરેખર શું ચાલી રહ્યું છે કર્મચારીઓને કળાતું નથી તેથી ઘણી દ્વિધાઓ ઉભી થઈ રહી છે.

એક તરફ ગુજરાતમાં સરપ્લસ વિજળી હોવાને કારણે વધુ પાવર જનરેશનની જરૂર નથી તેવી વાતો કરાય છે તો બીજી તરફ સરકારની કંપની જી.યુ.વી.એન.એલ. મારફતે તેમજ ખાનગી સેક્ટર દ્વારા નવા પાવર સ્ટેશનો ઉભા કરવાની હિલચાલ પણ ચાલી રહી હોવાથી ખરેખર રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિજપાવર જનરેશન બાબતે શું વિચારી રહ્યા છે તે કળવું મુશ્કેલ બન્યું છે. સરકારી કર્ચારીઓમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે મુખ્યમંત્રીના મનની વાત કળવી મુશ્કેલ છે પરંતુ જે કોઈ તેમના મનની વાત કળી જાય તેને તેઓ પુરસ્કૃત પણ કરે છે.

ગુજરાત સરકારની વિજ કંપની જી.એસ.ઈ.સી.એલ.ના પાવર સ્ટેશન સાથે સંકળાયેલ એક કર્મચારી એસ. જે. વોરાના મતે નરેન્દ્ર મોદી ભવિષ્યની વિજળીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ગુજરાતને પાવર ક્ષેત્રે વધુ પગભર બનાવવા વિચારી રહ્યા હોઈ શકે. કારણ કે જો કેન્દ્રમાં ભાજપ સત્તા હાંસલ કરે તો ગુજરાતમાં પેદા કરેલ પાવરને બીજા રાજ્યોમાં જ્યાં વિજળીની કારમી તંગી છે ત્યાં પડતર કિંમતે અથવા ઓછા નફાથી વેચી શકાય. આમ, કરવાથી ગુજરાતની નામના પણ વધે અને ફુલ લોડ પર પાવર જનરેશન થવાથી વિજ કર્મચારીઓને ઈન્સેન્ટીવ પણ વધારે મળે જેથી તેમની આર્થિક આવક વધે. વળી, આ માટે નવા પાવર સ્ટેશનો બને તો હાલના કર્મચારીઓને પ્રમોશન કે ટ્રાન્સફર આપી શકાય અને નવી નોકરીની તકો પણ પેદા કરી શકાય. આ સાથે ખાનગી કંપનીઓને પણ પાવર સ્ટેશનોની મંજુરી મળતા તેઓ પણ ખુશ રહે, અછતવાળા રાજ્યોને વિજળી મળતા આ રાજ્યો પણ ખુશ રહે. આમ સર્વત્ર ખુશીનો માહોલ સર્જાઈ શકે. જેના કારણે મોદી સાહેબની અને ભાજપ સરકારને પણ પ્રસંશા મળે. શું આ હોઈ શકે મોદી સાહેબના મનની માયાજાળ ?

રૂપિયાની લેતીદેતી મામલે યુવાને ઝેરી દવા પીધી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે સટલીયા વાહન હંકારતા એક યુવાને આજે ઘ-૫ નજીક રૂપિયાની લેતી-દેતી મામલે ઝેરી દવા પીધી હોવાની ઘટના બની હતી જો કે યુવાનનું કહેવું એવું છે કે મને દવા પીવડાવી દેવામાં આવી છે. જે અંગે સે. ૨૧ પોલીસ પ્રાથમિક તપાસ ચલાવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દરરોજ અસંખ્ય શટલીયા ચાલકો ફેરા મારે છે. ત્યારે આજે શટલીયા વાહન હંકારતા એક યુવાને આજે ઘ-૫ નજીક રૂપિયાની લેતી દેતી મામલે ઝેરી દવા ગટગટાવી લીધી હતી તેવી જાણ સેક્ટર-૨૧ પોલીસને થતા પોલીસે યુવાનની પુછપરછ હાથ ધરી હતી. જેમાં આ સમગ્ર મામલો કંઈ અલગ જ પ્રકાશમાં આવ્યો છે અને ઝેરી દવા પી જનાર યુવાને પોલીસને જણાવ્યું હતું કે મને કોઈકે ઝેરી દવા પીવડાવી દીધી છે. પરિણામે પોલીસ હાલ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. અને આ ઘટના પાછળની સાચી હકીકત જાણવા માટે પ્રાથમિક પુછપરછ હાથ ધરી છે.

રક્તચંદનની હેરાફેરી કરતા બેની અટકાયત

શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી સોનાની દાણચોરી બાદ હવે પ્રતિબંધિત રક્તચંદનની ગેરકાયદે હેરાફેરીમાં ચાઈનીઝ પ્રવાસીઓનું નેટવર્ક સક્રિય થયું છે. આજે વહેલી સવારે રક્તચંદનના લાકડાની હેરાફેરી કરતા બે ચાઈનીઝ પ્રવાસીઓને કસ્ટમ્સ વિભાગે પકડી લીધા છે. છેલ્લા ૨૫ દિવસમાં ત્રીજી વખત રક્તચંદનની હેરાફેરીમાં ચાઈનીઝ પ્રવાસીઓને ઝડપી લેતા કસ્ટમ્સ અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે. અમદાવાદ એરપોર્ટ પરથી સોમવારે વહેલી સવારે હોદા જતી કતાર એરલાઈન્સમાં બે ચાઈનીઝ પ્રવાસીઓનો કસ્ટમ વિભાગે માલ સામાન ચેક કરતા દરમ્યાન તેમની બેગમાંથી ૧૨૭.૯૧ કિલો ગ્રામ રક્તચંદન ઝડપી પાડવામાં આવ્યું હતું.

સે. ૨૯ જલારામ મંદિર ખાતે ગુરૂ પધરામણી થશે

ગાંધીનગર, તા. ૧૨

સંત શિરોમણી પૂ. જલારામ બાપાના ગુરૂ અને સંતશ્રી ભોજલરામ બાપાની ૨૨૯મી જન્મ જયંતિ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવશે. તા. ૧૪, મે વૈશાખ સુદ પૂનમના રોજ સેક્ટર-૭ સ્થિત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજવાડી ખાતેથી શ્રી ભોજલરામ બાપાની શોભાયાત્રા નિકળશે. આ શોભાયાત્રાનું આગમન સેક્ટર-૨૯માં આવેલ જલારામ બાપા મંદિર ખાતે સવારે ૯.૦૦ વાગે થશે. આ પ્રસંગે જલારામ સેવા સમાજના સર્વે સભ્યોએ મોટી સંખ્યામાં મંદિર ખાતે ઉપસ્થિત રહી દર્શનનો લાભ લેવા મંત્રી કિશોર હિન્ડોચાએ જણાવ્યું છે.



તસવીર : કશ્યપ નિમાવત

ગરમીની અસર - પરિવારનું ભરણપોષણ કરવા શ્રમિક કુટુંબો ઉનાળાની મોસમમાં ટેટી-ટડબૂચની લારીઓ લઈને વિવિધ સ્થાનો પર ઉભા રહેતા હોય છે... પરંતુ ઉનાળાની ભરબપોરે જ્યારે કોઈ ગ્રાહક ફરકતુય ન હોય ત્યારે પોતાના લાડકવાયાને ખોળામાં બેસાડી થોડીક આરામની પળો મા-દિકરો માણી રહ્યા છે...

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૮

સૂર્યાસ્ત : ૭.૦૫

તાપમાન

મહત્તમ : ૩૯.૪ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મીલીઓન ડૉલર આર્મ : ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦, ૧૦.૦૦

સ્પાઈડરમેન-૨ (ડી-અંગ્રેજી) : ૪.૪૫

: સ્ક્રીન-૨ :

મસ્તરમ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૩૦

યે હૈ બકરાપુર : ૪.૩૦

૨ સ્ટેટસ્ વન લવ : ૭.૧૫

કોયેલાનચલ: ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

હવાહવાઈ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૧૫

કોયેલાનચલ: ૪.૪૫, ૭.૩૦

: સ્ક્રીન-૪ :

હવાહવાઈ : ૨.૩૦

કોયેલાનચલ : ૫.૦૦

૨ સ્ટેટસ્ વન લવ : ૭.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

મીલીઓન ડૉલર આર્મ(અંગ્રેજી) :

૯.૩૦,૨.૧૦,૨.૫૦,૫.૩૦,૭.૪૫, ૧૦.૨૫

: સ્ક્રીન-૨ :

સ્પાઈડરમેન-૨ ડી (હિન્દી) : ૯.૪૫,૧૨.૪૫,૪.૦૦,૧૦.૧૫

૨ સ્ટેટસ : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

હવાહવાઈ: ૯.૧૫, ૧૧.૫૦,૨.૨૫, ૫.૦૦, ૭.૩૫, ૧૦.૧૦

: સ્ક્રીન-૪ :

મસ્તરામ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૦૦, ૮.૩૦, ૧૦.૪૫

૨ સ્ટેટસ્ : ૫.૧૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

કોયલાનચલ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૦૦

હવાહવાઈ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પાઈડર મેન-૨ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

કોયલાનચલ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :

હવાહવાઈ : ૧૦.૦૦, ૫.૩૦, ૧૦.૦૦

મસ્તરામ : ૧૨.૩૦, ૮.૦૦

આપની આજ

મેષ : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે.

વૃષભ : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

મિથુન : મનોકૂળ કાર્ય થઈ શકશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : નવા કાર્યો વિચાર, યોજના મોકૂફ રાખવી. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : કુટુંબમાં માંગલિક કાર્ય થશે. રોગ, શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચ થશે. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : આવકના સ્ત્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : આર્થિક સ્ત્રોતોથી લાભ પ્રાપ્ત થશે. રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થવાની સંભાવના છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : મનોરંજન કલા આમોદ-પ્રમોદના કાર્યોમાં રૂચિ વધશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો.

મીન : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

● સ્વ. પ્રવિણજી નટુજી સોલંકી (ઉ.વ. ૨૮) મુ.પો.આલમપુર, તા., જિ. ગાંધીનગર.